શેપ

સૌથી વફાદાર કૂતરો



સ્નીડ બી. કોલર્ડ

ચિત્ર: જોઆના યાર્ડલી

શેપ

સૌથી વફાદાર કૂતરો

શેપ એક એવા કૂતરાની સાચી વાર્તા છે જેની એના માલિક પ્રત્યેની વફાદારી દુનિભરના લોકો માટે પ્રેરણા બની. 1936 માં, શેપના માલિકનું મૃત્યુ થઇ ગયું અને શેપે જોયું કે કેવી રીતે એના માલિકના શબને એક ટ્રેનમાં રાખીને પૂર્વ તરફ મોકલવામાં આવ્યું હતું. એ દિવસથી, બરફ અને વરસાદમાં, શેપ દરેક આવવાવાળી ટ્રેનને મળતો રહ્યો, એ આશામાં કે આવવાવાળા યાત્રીમાં એના માલિક જરૂર હશે. શેપે પાંચ વરસથી પણ વધારે સમય સુધી નિષ્ઠાપૂર્વક સતત નજર રાખી અને એના માલિકની રાહ જોઇ. આજે પણ લોકો ફોર્ટ બેન્ટન, મોન્ટાનામાં એ નિષ્ઠાવાન કૂતરાની કબર પર નમન કરવા જાય છે જેનો વ્યવહાર આપણને વફાદારી અને સાચા દિલનો અહેસાસ કરાવે છે.

શેપ

સૌથી વફાદાર કૂતરો

સ્નીડ બી. કોલર્ડ

ચિત્ર: જોઆના યાર્ડલી

એક વરાળ એન્જીનની કર્ણભેદી સીટી હવામાં ગુંજી. એક યાત્રી ટ્રેન સ્ટેશન તરફ ગર્જના કરતી આવી રહી હતી.



જયારે થોડા લોકો એક શબવાહિની પાછળથી એક લાંબો, ખરબચડો લાકડાનો બોક્સ કાઢીને એને પ્લેટફોર્મ પર એક હાથગાડીમાં લઇ ગયા, ત્યારે એક કૂતરો એને જોઇ રહ્યો હતો. જેવો એ લાકડાનો બોક્સ લોકોએ ટ્રેનના સામાનના ડબ્બામાં ચઢાવ્યો, કૂતરો રડવાનો અવાજ કરવા લાગ્યો.

થોડા લોકોએ એ જોયું.

સામાનના ડબ્બાના દરવાજા જોરથી બંધ થયા અને એન્જીનની સીટીનો અવાજ ગુંજ્યો. પછી વરાળના સિસકારા અને હજાર ઘોડાના હાંફતા અવાજ સાથે ટ્રેન ધીરે-ધીરે પૂર્વ તરફ બપોરના સૂરજમાં આગળ વધી.



ઉદાસ અને ભ્રમિત, કૂતરો એને જતા જોઇ રહ્યો. એ હજારો ટ્રેનોમાંથી પહેલી હતી જેને કૂતરો આવતા સાડા પાંચ વર્ષોમાં સ્ટેશનમાંથી નીકળતા જોશે. આ કૂતરા અને માણસના ઇતિહાસના સૌથી મહાન અધ્યાયોમાંથી એકની શરૂઆત હતી - એ કૂતરાની વાર્તા જેને હવે સૌ "શેપ" ના નામથી જાણે છે.

શેપનો જન્મ ઉત્તર મધ્ય મોન્ટાના ના વિશાળ ઢોર અને ઘેટાંના ઇલાકામાં, સંભવત 1920ના દશકાના અંતમાં થયો હતો. દર વસંતમાં, એનો માલિક ઘેટાંને એક ગાડીમાં ભરતો અને એ અને કૂતરો એના સફેદ ઝુંડની સાથે ચરામણના ઇલાકામાં નીકળી પડતા. મોન્ટાના ના લાંબા દિવસોમાં, શેપ ખુશીથી આગળ-પાછળ દોડતો, ઘેટાં પર ભસતો જેથી એ ઘેટાંને તાજા ઘાસ તરફ લઈ જઈ શકે. એ ઝેરી સાપ અને કોયોટે (વરુ) માટે સજાગ રહેતો અને ભટકી ગયેલ ઘેટાંને તરત વાળી લેતો.

રાતે જયારે ઘેટાં સૂઈ ગયા હોય, ત્યારે શેપ તાપણાં પાસે એના માલિકના પગ પાસે બેસી જતો. એનો માલિક શેપનું ફર સહેલાવતો અને એક મધુર ધૂન ગણગણતો. શેપ રાહતનો એક ઊંડો શ્વાસ લેતો. થોડા સમયમાં એના પંજા ખેંચાવા લાગતા કારણકે શેપ ઘેટાંને ચરાવવાના બીજા દિવસના શાનદાર સપના જોવા લાગતો.

હજારો દિવસો અને રાતોના સહવાસ પછી, માણસ અને કૂતરા વચ્ચેનો સંબંધ ઊંડો થતો ગયો. પછી એક ઉનાળાના દિવસે, જયારે શેપ કદાચ છ કે સાત વરસનો હતો, ત્યારે એનો માલિક બીમાર પડી ગયો. શેપે એના માલિકને પહેલા પણ બીમાર પડતા જોયો હતો. ક્યારેક માલિકને ઉધરસ આવતી હતી, અથવા સામાન્યથી વધારે ઊંઘતો હતો. પણ થોડા સમયમાં એ ઉઠીને ચાલવા-ફરવા લાગતો હતો અને એની સામાન્ય અવસ્થામાં પાછો આવી જતો હતો.

પણ આ વખતે નહીં.



જેમ-જેમ દિવસો વીતતા ગયા, એના માલિકની હાલત વધારે બગડતી ગઇ. એક દિવસ, એક એમ્બ્યુલન્સ ઘેટાંની ગાડી પાસે આવી. બે અજાણી વ્યક્તિઓએ એના માલિકને એમ્બ્યુલન્સમાં બેસાડયો અને એને લઇ ગયા. શેપ એની પાછળ-પાછળ ચાલ્યો.

એમ્બ્યુલન્સ ઉબડ-ખાબડ રસ્તાઓમાં થઈને મિસૌરી નદી કિનારે સ્થિત ફ્રોર્ટ બેન્ટન શહેર પહોંચી. ગાડીઓના એન્જીનના અવાજો અને લોકોની બૂમોથી શેપ ગભરાઇ ગયો. અને હજી વધારે જયારે એમ્બ્યુલન્સ ઉભી રહી અને લોકો એના માલિકને એક મોટા લાકડાના મકાનમાં લઇ ગયા. શેપે પીછો કરવાની કોશિશ કરી, પણ કાન્જી કરેલા ગણવેશ પહેરેલી મહિલાઓએ એને અંદર જવાથી રોકી લીધો.

આગલા ઘણા દિવસો સુધી શેપ હોસ્પિટલની બહાર બેચેનીથી રાહ જોતો રહ્યો. એ રાહ જોવાવાળો એકલો ન હતો. આ મહામંદીના વર્ષોમાં, દેશમાં લાખો લોકો બેરોજગાર અને બેઘર હતા. કમનસીબ, ભટકતા અને ગરીબ લોકો ઘણીવાર બેન્ટનમાંથી પસાર થતા હતા. એ હોસ્પિટલની પાછળ સિસ્ટર જેનેવિએવ નામની એક લાંબી, કદ-કાઠીવાળી મહિલાને બહાર આવીને એને ગરમાગરમ ખાવાનું આપવાની રાહ જોતા હતા. પાસે એક બેચેન, ભરવાડ કૂતરાને જોઇને સિસ્ટર જેનેવિએવે શેપને પણ ભોજન અને પાણી આપવાનું શરુ કર્યું.

શેપને આશા હતી કે એનો માલિક કોઇ પણ સમયે હોસ્પિટલમાંથી બહાર આવી જશે, પણ એ ક્યારેય બહાર ન આવ્યો. બીમારીએ એના માલિકનો જીવ લઇ લીધો. એક-બે દિવસ પછી, એક શબવાહિની શેપના માલિકને ગ્રેટ નોર્ધર્ન રેલવે ડેપો લઇ ગઇ જેથી એની લાશને એના સગાસંબંધીઓ પાસે મોકલી શકાય.

જયારે એણે ટ્રેનને વણાંક પરથી ગાયબ થતા જોઇ, તો શેપને એ વાતનો અહેસાસ ન થયો કે એ એના માલિકને આખરી આવજો કરી રહ્યો હતો.

અને આ રીતે શેપ માટે લાંબી રાહ જોવાનું શરુ થયું.

એ દિવસ પછી, શેપ ફોર્ટ બેન્ટન આવવાવાળી દરેક યાત્રી ટ્રેનને મળતો. જેમ-જેમ દુનિભરના યાત્રીઓ ઉતરતા, શેપ દરેક ચહેરાનું અધ્યયન કરતો અને એના માલિકની શોધમાં દરેક ગંધને સૂંઘતો. કયારેક, જયારે કોઇ દયાળુ પુરુષ કે સ્ત્રી શેપને સહેલાવવાની કોશિશ કરતા, તો શેપ પાછળ હટી જતો. જયારે ટ્રેન પાછી ધીમી ગતિથી ચાલુ થતી અને દૂર જતી રહેતી, તો ભરવાડ કૂતરો પણ ગાયબ થઇ જતો.



શેપે સ્ટેશનના પ્લેટફોર્મ નીચે એક ખૂણો શોધ્યો અને એને એનું ઘર બનાવી લીધું. જયારે એને તરસ લાગતી, તો એ મિસૌરી નદી સુધી એક માઇલથી પણ વધારે દોડતો. એ શહેરના કચરાના ડબ્બામાંથી ખાવાનું શોધી લેતો, પણ એને દુબળો-પાતળો થવામાં બહુ વાર ન લાગી. પણ એની નબળાઈ એને યાત્રી ટ્રેનોને મળવાથી રોકી ન શકી. દિવસમાં ચાર વાર, એ ડેપો પર, એના માલિકના ઘરે આવવાની રાહ જોતો દેખાતો હતો.

થોડા દિવસો, કે કદાચ અઠવાડિયાઓ પછી, રેલકર્મીઓએ સ્ટેશનની આસપાસ ચક્કર મારતા એ એકલા કૂતરાને જોયો. ડેપો એજન્ટ ટોની શેંચે શેપને સહેલાવવાની અને સ્ટેશનના મકાનમાં લઈ જવાની કોશિશ કરી, પણ શેપે એનાથી એની દૂરી જાળવી રાખી.



સ્ટીવ મેકસ્વીની, જેના પિતા પેટ એક સેક્શન ફોરમેન હતા, એણે પણ કૂતરાને જોયો. શેપના આવવાના થોડા સમય પછી, સ્ટીવ અને એની માઁ કિટ્ટી, ડેપો પર ગયા. ત્યાં એણે શેપ માટે માંસના ટૂકડા અને પાણી રાખ્યા. ખાવાનું રાખ્યા પછી, એ લોકો સંતાઇ ગયા, અને જોવા લાગ્યા કે કૂતરો શું કરે છે. પહેલા તો શેપે ખાવાનું બસ સૂંઘયું અને એને છોડી દીધું. પણ થોડા સમયમાં એ એની ભૂખ પર કાબૂ ન રાખી શક્યો અને એણે ખાવાનું શરુ કર્યું.

પણ શેપના માલિકની જગ્યા કોઇ લઇ શકતા ન હતા. જયારે સ્ટીવ, કિટ્ટી, અથવા સ્ટેશનનો કોઇ કર્મચારી કૂતરાને સહેલાવવાની કોશિશ કરતું, તો શેપ દૂર હટી જતો અને આગલી યાત્રી ટ્રેન આવે ત્યાં સુધી ગાયબ થઇ જતો. મેકસ્વીનીએ હાર ન માની. એ ખાવાનું અને પાણી લાવતા રહ્યા અને છ-સાત અઠવાડિયા પછી, શેપે આખરે સ્ટીવ અને કિટ્ટીને સહેલાવવા દીધું. ટોની શેંચે શેપને ફરી ડેપોના મકાનમાં સૂવડાવવા માટે મનાવવાની કોશિશ કરી, પણ કૂતરાએ એની વાત માની નહીં. એને હજી પણ પ્લેટફોર્મ નીચે એનો ખૂણો પસંદ હતો.

જોકે, જેમ-જેમ શિયાળો શરુ થતો ગયો, અને તાપમાન શૂન્ય તરફ પહોંચી ગયું, ત્યારે શેપને સ્ટેશનના મકાનની ગરમીનો વિરોધ કરવો મુશ્કેલ થઈ ગયું. એક સાંજે, ટોનીએ ડેપોની અંદર માંસના થોડા ટૂકડા રાખ્યા. શેપ સાવધાનીથી અંદર ગયો. એણે ધ્યાનથી ચારે બાજુ જોયું અને કોઈ જોખમ માટે હવા સૂંઘી. પછી, એ માંસ પાસે ગયો અને એને ખાઈ ગયો.

જોકે, જયારે એની પાછળ દરવાજો બંધ થયો, ત્યારે શેપ ગભરાઈ ગયો. ડરનો માર્યો, એ ડેપોમાં અહીં-તહીં દોડવા લાગ્યો, અને રાચરચીલું ઉથલાવવા લાગ્યો. સાથે એ બેચેનીથી બહાર નીકળવાનો રસ્તો શોધવા લાગ્યો. ટોની ધીરેથી હલ્યો અને એની સાથે સાંત્વના ના સૂરમાં વાત કરવા લાગ્યો. આખરે, થોડી મિનિટો પછી, શેપ શાંત થયો. એના પછી, શેપ એની રાતો ધાબળાની આરામદાયક પથારીમાં વિતાવવા લાગ્યો.

એ આખા સમય દરમ્યાન ટોની અને મેકસ્વીની પરિવારને ખબર ન હતી કે શેપ ક્યાંથી આવ્યો છે અને એ સ્ટેશનની આસપાસ કેમ ફર્યા કરે છે. એને એ કૂતરાનું અસલી નામ પણ ખબર ન હતું. ત્યાં એક એડ શિલ્ડસ નામના કન્ડકટરે લોકો સાથે એ કૂતરા વિષે પૂછતાછ શરુ કરી.

એક દિવસ એડ યાત્રીઓને ટ્રેનમાંથી ઉતરવામાં મદદ કરવા માટે નીચે ઉતર્યો અને એણે પાસેના એક રેલકર્મીને પૂછ્યું કે શું એને એ કૂતરા વિષે કંઇ ખબર હતી.

"ઓહ," કર્મચારીએ જવાબ આપ્યો, "એ કૂતરો એક ભરવાડનો છે, જેનું મૃત્યુ થઇ ગયું છે. એમણે એનું શબ ટ્રેનમાં મોકલી દીધું હતું, અને ત્યારથી એ કૂતરો અહીં ભમ્યા કરે છે."

આગલા બે વર્ષોમાં, એડે ફોર્ટ બેન્ટનના શબ-વાહિનીના ચાલકોને અને અન્ય ઘણા લોકોને શેપ વિષે પૂછ્યું. પછી ધીરે-ધીરે એણે એ વાર્તાનો ઉકેલ કાઢ્યો કે શેપ ફોર્ટ બેન્ટન કેવી રીતે આવ્યો હતો અને એ ટ્રેનોમાં કેમ શોધતો હતો. એડે એની માહિતીનો રિપોર્ટ ગ્રેટ ફોલ્સ ટ્રિબ્યુન સમાચારપત્રને આપ્યો. છાપાંએ એ એકલા ભરવાડના કૂતરા વિષે એક લેખ છાપ્યો. ત્યારથી, શેપની પ્રસિદ્ધિ વધવા લાગી.

શેપની વાર્તા સમગ્ર અમેરિકામાં ફેલાઇ ગઈ. દેશભરના સમાચારપત્રોએ એ વફાદાર કૂતરાની દુર્દશા વિષે છાપ્યું જે એના માલિકની રાહ જોતો રહ્યો હતો. એનું નામ મહાસાગર પાર કરીને યુરોપ અને ઓસ્ટ્રેલિયા સુધી પહોંચી ગયું. પુરુષો, મહિલાઓ અને બાળકોએ ગ્રેટ નોર્થર્ન રેલવેને સેંકડો પત્રો લખ્યા - એટલા બધા કે કમ્પનીને એ બધા પત્રો સંભાળવા માટે એક સેક્રેટરી રાખવી પડી. લોકોએ શેપની દેખભાળ માટે પૈસા મોકલ્યા. ઇંગ્લેન્ડની એક મહિલાએ શેપ માટે એક હાડકાંના આકારની કેક પણ મોકલાવી.

પણ લોકો ફક્ત પત્રો જ નહોતા લખી રહ્યા. સેંકડો લોકો આ પ્રસિદ્ધ ભરવાડના કૂતરાની એક ઝલક માટે ફોર્ટ બેન્ટન આવવા લાગ્યા. પચાસથી વધારે ભરવાડોએ શેપને ઘેટાંની રખેવાળી કરવા એક નવું ઘર આપવાની તૈયારી બતાવી. થોડા લોકો તો કૂતરાને એના ઘરે લઇ જવા માટે પોતે આવ્યા. ટોની શેંચે નમ્રતાપૂર્વક આ પ્રસ્તાવોનો અસ્વીકાર કરી દીધો.

શેપને આ બધાની પરવા ન હતી. કેમેરાની ક્લિકથી એને ડર લાગતો હતો. એ એના માલિકની રાહ જોતો રહ્યો, પણ હવે શેપ એક ખુશહાલ જીવન જીવી રહ્યો હતો. એનો કન્ડકટર મિત્ર એડ જયારે પણ ફોર્ટ બેન્ટનમાંથી પસાર થતો, તો એને માટે નાસ્તો લઇ આવતો, અને ટોની શેંચ શેપ સાથે રાજસી વર્તન કરતો હતો. ટોનીને મીઠાઇ બહુ પસંદ હતી અને એ ઘણીવાર કૂતરાને એક ફ્લેવરવાળી કેન્ડી આપતો હતો. યાત્રી ટ્રેનની વચ્ચે, શેપ ટોનીના પગમાં એવી જ રીતે બેસી જતો હતો જેમ એ એના માલિકના પગ પાસે બેસતો હતો.

7 ડિસેમ્બર, 1941 ના દિવસે, જાપાની સેનાએ પર્લ હાર્બર પર સ્થિત અમેરિકી નૌસેના ના અડ્ડા પર હૂમલો કર્યો. થોડાજ દિવસોમાં, સંયુક્ત રાજ્ય અમેરિકા બીજા વિશ્વ યુદ્ધમાં સામેલ થઇ ગયું અને સૈનિકો ફોર્ટ બેન્ટન થઈને જવા લાગ્યા. ત્યાં સુધીમાં, શેપ બુઢ્ઢો થઇ ગયો હતો. એ હવે સ્ફૂર્તિલો ન હતો અને એની શ્રવણશક્તિ પણ નબળી પડવા લાગી હતી.

જાન્યુઆરીની એક ઠંડી સવારે, શેપ રેલના પાટા પર એક હાડકું કરડવા માટે નીકળ્યો, જે ત્યાં ફસાઇ ગયું હતું. એ જયારે કોતરી રહ્યો હતો, ત્યાં પશ્ચિમ તરફ જવાવાળી ટ્રેન સ્ટેશન પાસે પહોંચી. એન્જીનીયરે કૂતરાને પાટા પર જોયો અને સીટી વગાડી. શેપ હાડકું ચાવતો રહ્યો. એન્જીનની સીટી બીજીવાર વાગી, પણ શેપ હલ્યો પણ નહીં. કૂતરાથી થોડા ગજની દૂરી પર, એન્જીનીયરે જોરથી બ્રેક લગાવી, પણ ત્યાં સુધીમાં બહુ મોડું થઇ ચૂક્યું હતું.

સ્ટીવની માઁ કિટ્ટી ટેકરી પરથી નીચે ઉતરીને ફોર્ટ બેન્ટન સ્કૂલ ગયા અને સ્ટીવને શેપના મૃત્યુના સમાચાર આપ્યા. સ્ટીવ અને બીજા સ્કૂલના બાળકો ભાંગી પડયા. આ કરુણાન્તના ખબર આખા શહેરમાં અને બધી જગ્યાએ ફેલાઇ ગયા. લોકો એના પ્યારા કૂતરાના જવાથી રડી પડયા.

શેપના અંતિમ સંસ્કાર માટે શહેરના મેયર અને ગ્રેટ નોર્ધર્ન રેલવેએ પરસ્પર કામ વહેંચી લીધા. ટોની આખી રાત લાકડાની શબપેટી બનાવવામાં લાગી ગયો.

શેપના મૃત્યુના બે દિવસ પછી, બુધવારે બપોરે, સેંકડો લોકો ગાડીઓ અને બસમાં સવાર થઈને ફોર્ટ બેન્ટન ડેપોની ઉપર એરપોર્ટ રોડ પાસે ભેગા થયા. જયારે ચાર બોય સ્કાઉટ શેપને સ્ટેશનની સામે સ્થિત કબ્રસ્થાન લઈ જતા હતા, ત્યારે બરફ પડી રહ્યો હતો અને શિયાળાનો સૂર્ય ચમકી રહ્યો હતો.

શોક મનાવવાવાળા લોકોએ પોતાના આંસુ લૂછ્યાં અને એક-બીજાને ભેટ્યા. રેવરન્ડ રાલ્ફ અન્ડરવુડે સેનેટર જ્યોર્જ ગ્રેહામ વેસ્ટ દ્વારા રચિત એક "સ્તુતિ“ વાંચી:

આ સ્વાર્થી દુનિયામાં મનુષ્યનો એકમાત્ર નિઃસ્વાર્થ મિત્ર, જે એને ક્યારેય છોડે નહીં, જે ક્યારેય કૃતઘ્ન અથવા વિશ્વાસઘાતી સાબિત ન થાય, એ એનો કૂતરો હોય છે...

જયારે પ્રાર્થના સભા સમાપ્ત થઈ, તો એક એકલા બોય સ્કાઉટે એનું બ્યુગલ ઉઠાવ્યું અને ધીમી શોકપૂર્ણ ધૂન વગાડી.

ઉપસંહાર

સમાચાર માધ્યમોએ શેપના મૃત્યુના દુઃખદ સમાચાર આખા દેશ અને દુનિભરમાં પહોંચાડી દીધા. બધી જગ્યાએ લોકોએ એ વફાદાર ભરવાડના કૂતરાને યાદ કર્યો અને એના વિષે વાતો કરી. પણ શેપની વાર્તા ઝાંખી ન પડી.

આગલા વર્ષોમાં, શેપ વિષે પત્રિકાઓ અને રીડર્સ ડાઈજેસ્ટ, લેડીસ સર્કલ અને ફાર્મ જર્નલમાં લેખ પ્રકાશિત થયા. દૂર-દૂરથી લોકો ફોર્ટ બેન્ટનમાં ફૂલ ચઢાવવા અને શ્રદ્ધાંજલિ આપવા આવતા હતા.

શેપનો વારસો આજે પણ જીવિત છે. જો તમને ક્યારેય ફોર્ટ બેન્ટન જવાનો મોકો મળે, તો થોડી મિનિટ ટેકરી પર ગાડી ચલાવીને ટ્રેન ડેપો સુધી અવશ્ય જજો. હવે યાત્રી ટ્રેન ત્યાંથી પસાર થતી નથી અને જુના ડેપોને ઘણા સમય પહેલા જ તોડીને એક નાનું, સાધારણ મકાન બનાવવામાં આવ્યું છે. પણ જો તમે ઉભા થઈને ટેકરી તરફ જોશો, તો તમને એક કોન્ક્રીટ કબરનો પથ્થર અને "શેપ" નામ દેખાશે - એ અદ્ભૂત કૂતરાની યાદમાં જેણે આપણને વફાદારી અને દિલથી પ્રેમ કરવાનો અર્થ સમજાવ્યો.

- શેપની વાર્તા સંભળાવતી વખતે–

- શેપને પહેલી વાર મારું પુસ્તક "બી ઇસ ફોર બિગ સ્કાય કન્ટ્રી: એ મોન્ટાના આલ્ફાબેટ" લખતી વખતે જાણ્યો. આ પુસ્તક મોન્ટાના ના લોકો, જગ્યાઓ, પ્રકૃતિ અને ઇતિહાસ પર કેન્દ્રિત છે. જયારે પુસ્તક પ્રકાશિત થયું, તો પાઠકોએ મને શેપ વિષે એટલા સવાલો કર્યા કે મને લાગ્યું કે મારે એના વિષે બીજી એક વિસ્તૃત વાર્તા લખવી જોઇએ.
- વર્ષોથી, શેપની વાર્તા સેંકડો વાર સંભળાવવામાં આવી છે - હંમેશા જોશ સાથે, ભલે એ 100 % સાચી ન હોય! તથ્ય અને કલ્પનામાં અંતર કરવા માટે, મેં ડઝનો પત્રિકાઓ અને સમાચારપત્રોના લેખો, પત્રો, ફોટા, અને પુસ્તકોનું ગહન અધ્યયન કર્યું. એ બધું હેન્રી આર્મસ્ટ્રોંગ, કેનેથ રોબિન્સન, અને ડોના વ્હાલબર્ગ દ્વારા ફોર્ટ બેન્ટન સ્થિત રિવર એન્ડ પ્લેન્સ સંગ્રહાલયમાં ઉપલબ્ધ કરાવવામાં આવ્યું હતું.
- મને ત્રણ એવા લોકોનો સાક્ષાત્કાર કરવાનું સૌભગ્ય પણ મળ્યું જે શેપને પ્રત્યક્ષરૂપથી જાણતા હતા: સ્ટીવ મેકસ્વીની, જોન અથવા "જેક", લેપલી, જે શેપના અંતિમ સંસ્કાર માટે પાર્થિવ શરીરને લઇ જવાનો હતો અને શેપ પર એક ઉત્કૃષ્ટ પુસ્તિકાનો લેખક હતો, અને ટોની શેંચની દીકરી, આયરિન બોકર. શેપના જીવન વિષે મને જાણકારી અને દ્રષ્ટિકોણ પ્રદાન કરવા માટે હું આ લોકોનો બહુ આભારી છું.
- અંતમાં, હું શેપની દુનિયાને જોવા અને સ્વયં અનુભવ કરવા ફોર્ટ બેન્ટન ગયો. આ શોધથી મેં ઉપલબ્ધ સંસાધનો અને શેપના નિધન પછીના વિતેલા વર્ષોને જોતા યથાસંભવ ઇમાનદાર વિવરણ તૈયાર કરવાનો પ્રયાસ કર્યો. મારી કલાત્મક સ્વતંત્રતા ફક્ત શેપના અજ્ઞાત આરંભિક વર્ષોમાં જ કામ આવી, જે એના સ્વામીના મૃત્યુ પહેલાનો કાળ હતો. અહીં, મારે એનું પુનર્નિર્માણ કરવા માટે મજબૂર થવું પડ્યું કે 1920 અને 30 ના દશકમાં મોન્ટાનામાં એક ભરવાડ અને એના કૂતરાનું જીવન કેવું રહ્યું હશે. મને ખાત્રી છે કે મારી વાર્તા બધાની અપેક્ષાઓ પૂરી નહીં કરી શકે અને એ બધા લોકોની હું માફી માંગુ છું, પણ કૃપા કરીને એટલું જાણી લો કે મેં શેપ અને એના જીવન પ્રતિ સાચા રહેવાની પૂરી કોશિશ કરી છે.
- આમ તો, શેપ વિષે એક સાધારણ સવાલ એ છે કે "એના સ્વામીનું મૃત્યુ કઇ બીમારીથી થયું?" નિશ્ચિત રૂપથી કોઇ જાણતું નથી, પણ મેં જે વિવરણ વાંચ્યા છે, એનાથી એવું લાગે છે કે એ વ્યક્તિ ક્ષય રોગથી મર્યો હશે, જે એ સમયે એક સામાન્ય જીવલેણ બીમારી હતી.
- બીજું એક મોટું રહસ્ય એ છે કે "શેપનો સ્વામી કોણ હતો?" ઉલ્લેખનીય રૂપથી, અમને એની ઓળખ હજી પણ મળી શકી નથી. 1936 ના ઉનાળામાં ઘણા ભરવાડોના મૃત્યુ થઇ ગયા, પણ કોઇ પણ નિશ્ચિતરૂપથી જણાવી ન શક્યું કે શેપનો સ્વામી કોણ હતો. કદાચ આ પુસ્તકના પાઠકોમાંથી કોઇ એક એનો ઉત્તર નવેસરથી શોધવા માટે પ્રેરિત થઇ જાય.
- પાઠકોને એ જાણીને પ્રસન્નતા થશે કે એના મૃત્યના પચાસથી પણ વધારે વર્ષો પછી, "શેપ" મોન્ટાના અને સમગ્ર પશ્ચિમમાં એક પ્રિય પાત્ર બનેલો છે. 26 જૂન 1994 ના, ફોર્ટ બેન્ટનના નગર પ્રમુખોએ એના પ્રસિદ્ધ કૂતરાના સન્માનમાં એક નવી કાંસ્ય પ્રતિમાનું અનાવરણ કર્યું. આજે, જો તમે ફોર્ટ બેન્ટન શહેરમાં જશો, તો તમે સેંકડો શુભચિંતકોના સંદેશવાળી ઇંટોથી ઘેરાયેલા કાંસ્ય પ્રતિમાના સ્મારકને જોઇ શકો છો.